Date: 29/05/2009

Kutch Mitra News.



ભુજ બજાર સમિતિ આયોજિત કૃષિ સેમિનારના સમાપન પ્રસંગે વક્તવ્ય આપતા રાજ્યમંત્રી વાસણભાઇ આહીર, મુંદરાના ધારાસભ્ય રમેશભાઇ મહેશ્વરી, નગરપતિ દેવરાજભાઇ ગઢવી, પુષ્પાબેન પીંડોળિયા, હરિભાઇ જાટિયા, અરવિંદ પીંડોળિયા વગેરે. (તસવીર : રમેશ આહીર)

# કચ્છને ઝડપથી સિંચાઇ માટે નર્મદાનું પાણી મળતું થઇ જશે

ભુજ, તા. ૨૮ : કચ્છને ઝડપથી સિંચાઇ માટે નર્મદાનું પાણી મળતું થઇ જશે તેવું આશ્વાસન રાજ્યમંત્રી વાસણભાઇ આહીરે ભુજ ખાતે કૃષિ સેમિનારના સમાપને આપ્યું હતું.

દરમ્યાન, માહિતીખાતાની યાદી અનુસાર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ભુજ તાલુકાના ૭૭ ગામના

## ભુજના કૃષિ સેમિનારમાં કચ્છી મંત્રીના હસ્તે શરતફેરના હુકમો અપાયા

૮૮૫ ખેડૂતોને ખેતી માટે નવી શરતની જૂની શરતમાં ફેરવવાના હુકમો જારી કર્યા છે. બીજા દિવસે રાજ્યમંત્રી શ્રી આહીરના હસ્તે પ્રતીકરૂપે પાંચ ગામોના ખેડૂતોને હુકમો અર્પણ કરી કચ્છમાં કૃષિમહોત્સવની નવી ભાત ઉપસાવી હતી.

રાજ્યમંત્રી વાસણભાઇએ વધુમાં કહ્યું હતું કે, કચ્છમાં કૃષિ માટે વધુ સારો સમય આવી રહ્યો છે. કચ્છના બાગાયતકારો તેમનું ઉત્પાદન વિદેશમાં મોકલી આંતરરાષ્ટ્રીય સ્પર્ધા શરૂ કરી છે જે જિલ્લાની ખેતી માટે શુકન સમાન છે. સોઇલ ટેસ્ટ અને હેલ્થકાર્ડ વેળાસર મળવાની હૈયાધારણ આપી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ જીવાભાઇ આહીરે ઉદ્બોધન કર્યું હતું. મુંદરાના ધારાસભ્ય રમેશભાઇ મહેશ્વરીએ કચ્છમાં નર્મદા સિંચાઇના નીર કચ્છને વેળાસર પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો કરવાની ખાતરી આપી હતી.

જિલ્લા કલેક્ટર આર. આર. વરસાણીએ કહ્યું કે, વર્તમાન ખેતી માત્ર દેશ પૂરતી મર્યાદિત નથી પરંતુ હવે વિશ્વ સામે ટકવાનું છે. તેથી આધુનિકતા લાવવી જરૂરી છે. જિલ્લા વિકાસ અધિકારી રાજકુમાર બેનીવાલે પણ અતિઆધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવાની હિમાયત કરી હતી.

ભુજ તાલુકાના જાહેર થયેલા કૃષિઋષિ જયંતીભાઇ ઠક્કરે સન્માનના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, ટપક સિંચાઇ પદ્ધતિના અનેક ફાયદા છે. અન્ય કૃષિઋષિ વેલજીભાઇએ પ્રતિભાવમાં અનેક જાતની ખેતી કરવા અને ગૌમૂત્ર - ગોબરનો ઉપયોગ કરવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો.

એ.પી.એમ.સી. પ્રમુખ હરિભાઇ જાટિયાએ તાલુકાના ડ્રીપ અપાવનારા પ્રથમ પાંચ ગામોને પચાસ-પચાસ હજાર ઇનામ આપવાની જાહેરાત કરી હતી. આ પ્રસંગે નગરપતિ દેવરાજભાઇ ગઢવી, અંજાર એ.પી.એમ.ના પ્રમુખ વલમજીભાઇ હુંબલ, તાલુકા પંચાયત પ્રમુખ પુષ્પાબેન પીંડોરિયા, અરવિંદભાઇ પીંડોરિયા, કચ્છ કિસાન સંઘના પ્રમુખ માવજીભાઇ જાટિયા, જયંતભાઇ માધાપરિયા, સતીષભાઇ છાંગા સહિત એ.પી.એમ.સી.ના ડાયરેક્ટરો, લાયઝન અધિકારી બી. જે. ઠક્કર, નાયબ કલેક્ટર શ્રી પંડ્યા, તાલુકા વિકાસ અધિકારી શ્રી રાવ, ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા માહિતી કચેરી દ્વારા લોકડાયરાનું આયોજન કરાયું હતું.

From,
Panchal A.R.

Supervisor (MIS-F)
G.G.R.C. Ltd.
KUTCH